# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૫ અંક : ૨૬૧ તા. ૦૬-૦૭-૨૦૧૯ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા



ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ staffavailable.com ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com







# એક યોગ્યસ્તરનું બજેટ આપ્યું

ગયા અંકમાં દર્શાવ્યું હતું કે નાણામંત્રીના હાથ એકદમ બંધાયેલા છે. એકતરફ કરવેરાના દરમાં વધારો કરે તો પણ કરદાતાઓને પસંદ નથી પડવાનું અને જો બીજું તરફ ખાધમાં વધારો કરીને ઈન્વેસ્ટમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણ કરવાની વ્યૂહરચના અપનાવામાં આવે તો તે પાસું પણ રેટિંગ એજન્સીઓને ગળે નહીં ઊતરે અને તેનાથી ભારતનું રેટિંગ ડાઉનગ્રેડ થાય તે ભય ઊભો છે. આમ બંને બાજુ ખાઈ હતી અને તેવે વખતે નાણામંત્રીએ એક યોગ્યસ્તરનું બજેટ આપ્યું છે. બજેટ પૂરું થયા પછી સેન્સેક્ષમાં જે રીતે ૩૦૦ પોઈન્ટનો ઘટાડો થયો અને નિફ્ટીમાં ૧૦૦ પોઈન્ટનો ઘટાડો છે તેને કારણે તમારું પ્રાથમિક મંતવ્ય તો હશે કે બજેટમાં કોઈ જ દમ નથી. અને કદાચ ઉપરછલ્લી નજરે તમારું આ મંતવ્ય સાચું પણ છે. તેમ છતાં આ ચર્ચામાં સૌ પ્રથમ દર્શાવ્યું તે મુજબ નાણામંત્રીના હાથ સંપૂર્ણપણે બંધાયેલા હતા અને તેવે તબક્કે મંદીમાં ખૂંપી ગયેલા અર્થતંત્રને બહાર લાવવામાં તેમણે જે અભિગમ અપનાવ્યો છે તેને આવકારવો રહ્યો.

**આ વર્ષે ઈન્વેસ્ટમેન્ટના માધ્યમથી અર્થતંત્રને મંદીમાંથી બહાર લાવવાનો અભિગમ અપનાવ્યો છે**

ટીવી ચેનલો ઉપરની ચર્ચામાં તો મોટી આવકવાળા ઉપર જે સરચાર્જ વધારવામાં આવ્યો અને ૪૨ ટકાનો કરવેરાનો બોજો કરવામાં આવ્યો તે પાસાને લીધે થોડો અણગમો દેખાતો હતો. પરંતુ નાણામંત્રીએ અન્ય જે મહત્ત્વના પગલા લીધા છે તેમાંના અનેક પગલાંઓ ટીવી ઉપરની ચર્ચાઓમાં સદંતર ભૂલાઈ ગયા હતા.

બજેટ ૨૦૧૯નું પ્રથમ લક્ષ્યાંક ભારતીય અર્થતંત્રને ત્રણ લાખ કરોડ ડોલરનું અર્થતંત્ર બનાવવાનું છે અને તે દિશામાં આગળ વધવા માટે અત્યાર સુધી બચત અને કન્ઝમ્બશન દ્વારા અર્થતંત્રને ચલાવવાનો રસ્તો અગાઉના નાણામંત્રીઓએ અપનાવ્યો હતો પરંતુ જ્યારે અર્થતંત્ર મંદીમાં ખૂંપી રહ્યું હોય ત્યારે રોકાણકારોની બચત અને તેમની વપરાશ કરવાની ક્ષમતા પણ ઘટતી જાય અને તે અસર તો આપણે છેલ્લા ઘણા સમયથી વિવિધ પ્રોડક્ટોના વેચાણો અને ઉત્પાદન ઉપર જોઈ રહ્યા છીએ અને તેથી નાણામંત્રી અને તેમના ઈકોનોમિક એડવાઈઝર શ્રી ક્રિષ્ણામૂર્તિ સુબ્રમણ્યમે આ વર્ષે ઈન્વેસ્ટમેન્ટના માધ્યમથી અર્થતંત્રને મંદીમાંથી બહાર લાવવાનો અભિગમ અપનાવ્યો છે.

સામે પક્ષે અગાઉના વર્ષોમાં સરકાર પોતે જ વેપાર અને ઉદ્યોગમાં રોકાણ કરતી હતી. અને તે સમયે સોશ્યાલિઝમ એટલે કે સમાજવાદની થિયરી ઉપર સરકાર કામ કરતી હતી પરંતુ હવે સરકાર તે રીતે સમાજવાદી થિયરી ઉપર કામ નથી કરતી. ઉદ્યોગોમાં મૂડીરોકાણ મુખ્યત્વે પ્રાઈવેટ સેક્ટર દ્વારા જ કરાય છે અને તેથી અર્થતંત્રમાં નવું ભંડોળ ઠાલવવું હોય તો મુખ્ય રોકાણ રોડ અને મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોમાં જ સરકારે કરવું પડે અને તે દૃષ્ટિએ આ વખતે નાણામંત્રીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચ તેમજ હાઈવે અને ગ્રામ્ય સડક યોજના ઉપર પોતાનું ફોકસ રાખ્યું છે. અને તે રીતે દરેક નાના-મોટા ગામને મુખ્ય માર્કેટિંગ સેન્ટર સુધી જોડવાની પ્રક્રિયા આગળ વધારી છે.

અગાઉના વર્ષમાં ઉજ્જવલા અને સૌભાગ્ય યોજના ખૂબ જ સફળ થઈ અને તેથી આ વખતના બજેટમાં સને ૨૦૨૨ સુધી એટલે કે ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઊજવણી સુધીમાં દરેક ઘરમાં વીજળી અને ગેસ પહોંચાડવાનું લક્ષ્યાંક મૂકવામાં આવ્યું છે.

સરકાર દ્વારા કિફાયતી હાઉસીંગ અને આવાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧.૨૫ કરોડ ગ્રામ્ય ઘરો બાંધવામાં આવ્યા છે અને આ વખતે સને ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૨ સુધીમાં ૧.૯૫ કરોડ બીજા ગ્રામ્ય ઘરો બાંધવાનું લક્ષ્યાંક છે અને તે લક્ષ્યાંકને કારણે એકતરફ નવી રોજગારી ઊભી થશે અને બીજી તરફ સિમેન્ટ અને સ્ટીલની માંગ પણ વધશે. જ્યારે ગ્રામ્ય સડક યોજના હેઠળ ૧૨૫૦૦૦ લાખ કિલોમીટર અને તેને માટે રૂા. ૮૦૨૫૦ કરોડનું રોકાણ કરવાની જાહેરાત નાણામંત્રીએ કરી છે અને જ્યારે ગ્રામ્ય સડક યોજના પાછળ આવું જંગી રોકાણ થવાનું હોય તો સ્વાભાવિક છે કે અનેક નવી રોજગારીઓ ઊભી થાય અને સાથે સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર, કન્સ્ટ્રક્શન ઈક્વીપમેન્ટ વગેરેને પણ બળ મળે.




ફિશરીષ એટલે કે મત્સ્ય ઉદ્યોગ માટે પણ સરકારે આ વખતે પોતાનું ફોકસ વધાર્યું છે અને ભારતમાં વિદેશી હૂંડિયામણ ખેંચી લેવવામાં ફિશરીષ એટલે કે મત્સ્ય ઉદ્યોગનું પ્રદાન ખૂબ મોટું છે અને તેને માટે પણ બજેટમાં એલોકેશન કરવામાં આવ્યું. બજેટમાં નાણામંત્રીએ ઈન્સ્યોરન્સ ઈન્ટરમીડીયરીમાં ૧૦૦ ટકા એફડીઆઈ આપવાની જાહેરાત કરી છે અને તેવી જ રીતે ઈન્સ્યોરન્સ સેક્ટરમાં પણ ફોરેન ડાયરેક્ટર ઈન્વેસ્ટમેન્ટ વધે તે માટે જાહેરાત કરાઈ અને આ બે પગલાંને કારણે ભારતના ઈન્સ્યોરન્સ સેક્ટરમાં અને તે રીતે સર્વિસીસ પીએમઆઈમાં મોટો ઉછાળો જોવાશે. અને કોઈ પણ અર્થતંત્રમાં ઝડપી વિકાસ હાંસલ કરવો હોય તો એકતરફ બેંકિંગ સેક્ટર અને બીજી તરફ ઈન્સ્યોરન્સ સેક્ટરમાં અતિશય ઊંચો વૃદ્ધિદર હોવો જોઈએ. અત્યાર સુધી ઈન્સ્યોરન્સ ઈન્ટરમીડીયરી એટલે કે વીમાની પોલિસીઓના વેચાણમાં વ્યક્તિગત એજન્ટો અને અમૂકઅંશે કોર્પોરેટ એજન્ટો નાનું-નાનું કામ કરતા હતા પરંતુ હવે ઈન્સ્યોરન્સ ઈન્ટરમીડીયરીમાં ૧૦૦ ટકા વિદેશી રોકાણ લાવીને ઈન્સ્યોરન્સ સેક્ટરમાં અતિશય ઊંચી વૃદ્ધિનું લક્ષ્યાંક છે અને આ પગલાંનો મોટો ફાયદો એચડીએફસી લાઈફ, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, એસબીઆઈ લાઈફ વગેરે ખાનગી વીમા કંપનીઓને મળી શકશે.

દર વખતની જેમ આ વખતના બજેટમાં બેંકોના રીકેપિટલાઈઝેશન માટે રૂા. ૭૦૦૦૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. વાસ્તવમાં બહુમતી એનાલિસ્ટોને રૂા. ૫૦૦૦૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવશે તેવી અપેક્ષા હતી પરંતુ તેની કરતા વધારે ભંડોળ ફાળવવામાં આવ્યું અને આ ભંડોળ આપીને બેંકો ફરી પાછી પોતાની ધિરાણ વૃદ્ધિ આગળ વધારી શકે અને તેનાથી અર્થતંત્રને ફાયદો મળે તેવી ગણતરી છે.

બજેટમાં આ વખતે રૂા. ૧૦૫૦૦૦ કરોડ ડિસઈન્વેસ્ટમેન્ટનું લક્ષ્યાંક મૂકવામાં આવ્યું છે અને સાથે સાથે એરઈન્ડિયાના ડિસઈન્વેસ્ટમેન્ટ અંગે પણ ઉલ્લેખ કરાયો. અને આ બંને પાસા ધ્યાનમાં રાખીએ તો નવા વર્ષમાં ડિસઈન્વેસ્ટમેન્ટને કારણે અનેક કંપનીઓના આઈપીઓ આવશે તેવી ગણતરી છે.

અન્ય એક ડેવલપમેન્ટમાં






નાણામંત્રીએ લિસ્ટેડ કંપનીમાં પ્રમોટર હોલ્ડીંગ ૭૫ ટકાથી ઘટાડીને ૬૫ ટકા કરવાની જાહેરાત કરી છે. દેખીતી રીતે આ જાહેરાત જે કંપનીઓમાં પ્રમોટરો પાસે ૭૫ ટકા હોલ્ડીંગ છે તેવી ટીસીએસ, વિપ્રો અને ટોચની મલ્ટીનેશનલ કંપનીઓને પસંદ નહીં આવે. પરંતુ આ પાસાને સહેજ ઊંડાણથી સમજવું રહ્યું. ટીસીએસ, ઓએનજીસી, કેસ્ટ્રોલ, પ્રોક્ટર એન્ડ ગેમ્બલ વગેરે મલ્ટીનેશનલ કંપનીઓમાં જો પ્રમોટરોએ બીજા ૧૦ ટકા શેરો વેચવાના થાય તો સ્વાભાવિક છે કે તેને કારણે આઈપીઓ માર્કેટ સક્રિય થાય. અને સાથે સાથે આ કંપનીઓમાં ફ્લોટિંગ સ્ટોક વધતા તેમનું માર્કેટ કેપિટલાઈઝેશન વધે પરંતુ સૌથી મહત્ત્વની વાત તો એ છે કે જ્યારે આવી સારી કંપનીઓમાં વધારે મોટો ફ્લોટિંગ સ્ટોક આવે તો તે ખરીદવા માટે ખૂબ જ મોટા પાયે વિદેશી રોકાણ પણ ભારતમાં આવવાનું. એફઆઈઆઈ અને વ્યક્તિગત વિદેશી રોકાણકારો ફાલતું કંપનીઓમાં તો રોકાણ નથી કરવાના અને અત્યારે રોકાણલાયક તકો ઘટી ગઈ હોવાથી તેને કારણે પણ એફઆઈઆઈનો ફ્લો ઠંડો પડ્યો છે. હવે જ્યારે નાણામંત્રી ટીસીએસ, પ્રોડ્કટર એન્ડ ગેમ્બલ, વિપ્રો વગેરે લગડી કંપનીઓમાં બીજા ૧૦ ટકા શેરો બજારમાં આવે તેવી ગોઠવણ કરતા હોય તો આ શેરો ભેગા કરી લેવા માટે અનેક એફઆઈઆઈ અને વિદેશી રોકાણકારો લાઈન લગાડી દેવાના. અને તે રીતે એકતરફ આઈપીઓનું માર્કેટ ધમધમતું થશે અને બીજી તરફ ભારતમાં ખૂબ જ મોટા પાયે એફઆઈઆઈનું રોકાણ પણ ઠલવાશે. અને બહુમતી એનાલિસ્ટો આ પાસું સદંતર વિસરી ગયા છે.

કંપનીઓમાં ૭૫ ટકાથી હોલ્ડીંગ ઘટાડીને ૬૫ ટકા કરવાથી આ કંપનીઓના માર્કેટ કેપિટલાઈઝેશન અને ઈન્ડેક્ષમાંના તેમના વેઈટેજમાં પણ મોટો ફેરફાર થશે. અને અત્યાર અમૂક જૂજ કંપનીઓ ચાલી રહી છે અને સેન્સેક્ષ-નિફ્ટીમાં વધારે વેઈટેજ ધરાવે છે તેમનું પ્રભુત્વ પણ ઘટશે અને રીરેટીંગ સાથે સેન્સેક્ષ અને નિફ્ટી વધારે ઝડપથી ઊંચકાય તેવી ગણતરી છે. આમ ૧૦ ટકા હોલ્ડીંગ ઓછું કરવાની દરખાસ્ત શેરબજાર અને અર્થતંત્રમાં શું ફાયદો લાવી શકશે તે પાસું મોટા ભાગના એનાલિસ્ટો સમજી નથી શક્યા.

નાણામંત્રીએ તેમના બજેટ પ્રવચનમાં સૌથી છેલ્લા પેટ્રોલ અને ડિઝલ ઉપર એક રૂપિયો વસૂલ કરવાની દરખાસ્ત મૂકી દીધી. પ્રાથમિક નજરે આ દરખાસ્તને કારણે પેટ્રોલ અને ડિઝલ મોંઘા થતા ટ્રાન્સપોર્ટેશન ખર્ચ થોડો ઊંચકાઈ જશે. પરંતુ આ વધારો એક ટકા જેટલો જ છે. અને તેને કારણે કોઈની પણ ઉપર ખાસ બોજો નહીં આવે પરંતુ આ દરખાસ્તને કારણે સરકારને કરોડો રૂપિયાની નવી આવક મળી જશે.

નાણામંત્રી દ્વારા આ વખતે આવકવેરા અને આડકતરા કરવેરાના સરળિકરણ ઉપર ખાસ ભાર આપ્યો છે. અત્યાર સુધી આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવા માટે પાન નંબર આવશ્યક હતો પરંતુ હવે નવા વિકલ્પમાં પાન નંબર ન હોય તો પણ વ્યક્તિ પોતાનો આધાર નંબર નાખીને રિટર્ન ફાઈલ કરી શકશે. આવકવેરા ખાતામાં ભ્રષ્ટાચાર ઓછો કરવા માટે ઈ-વેરીફિકેશન અને ઈ-એસેસમેન્ટની પ્રક્રિયા વધારે અપનાવવાની દરખાસ્ત છે અને તેવી જ રીતે જીએસટીનું માળખું પણ વધારે સરળ કરવાનું અને અમૂક રકમ કરતા ઓછું ટર્નઓવર હોય તો ત્રિમાસિક ધોરણે એક જ રિટર્ન ભરવાની દરખાસ્ત પણ નાણામંત્રીએ કરી છે. આમ બહુમતી કરદાતાઓ માટે આવકવેરા અને જીએસટીની પ્રક્રિયા સરળ કરવાની દરખાસ્ત લાંબાગાળે ફાયદાકારક બનશે.

નાણામંત્રીનું સૌથી અસરકારક પગલું ક્રોસ બોર્ડર ઈન્વેસ્ટમેન્ટ છે. ભારતમાં અત્યારે વ્યાજદર ૬ ટકા આસપાસ ચાલે છે જેની સરખામણીમાં અનેક યૂરોપિયન દેશોમાં તેમજ જાપાનમાં વ્યાજદર ઝીરોથી બે ટકા વચ્ચે છે. અને આવું કિફાયતી ભંડોળ ભારતમાં ખૂબ જ મોટા પાયે આકર્ષી શકાય.

જીડીપીની સરખામણીમાં અત્યારે ભારત સરકારનું બાહ્ય દેવું પાંચ ટકા કરતા પણ ઓછું છે અને તેથી સરકારે હવે આ બાહ્ય દેવાનો મોટો સ્રોત ઊભો કરીને ઈન્ફ્રાસ્ટ્રકચર અને અન્ય પ્રોજેક્ટોમાં રોકવાની વ્યૂહરચના અપનાવી છે અને તે પાસું ભારતીય અર્થતંત્ર માટે લાંબાગાળે અતિશય પોઝિટિવ બનશે. અને આ પગલાં દ્વારા આગામી વર્ષોમાં અર્થતંત્રનું કદ એકદમ ઊંચા દરે વધારી શકાશે. અને આ મહત્ત્વનું પાસું પણ બહુમતી એનાલિસ્ટોના ધ્યાન બહાર જ ગયું છે.

અન્ય એક ડેવલપમેન્ટમાં એક દેશ અને એક પાવરગ્રીડનું સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું અને ભારતના પાવર ટ્રાન્સમિશન સેક્ટરને મજબૂત કરી અને આવતા બે વર્ષમાં દરેક ઘરમાં વીજળી પહોંચાડવાનું જે લક્ષ્યાંક છે તેને કારણે પાવર જનરેશન તેમજ પાવર ડિસ્ટ્રીબ્યુશન અને ટ્રાન્સમિશન ઉદ્યોગને અતિશય મોટો ફાયદો મળી શકશે.

અત્યારે અનેક નોનબેંકિંગ ફિનાન્સ કંપનીઓ તીવ્ર નાણાભીડમાં ફસાયેલી છે. અને આ કંપનીઓની પુલ્ડ અસ્ક્યામતો સરકારી બેંકો હસ્તગત કરી લે તે માટે વનટાઈમ છ મહિનાની ગેરન્ટી આપવા પણ નાણાપ્રધાને તૈયારી દર્શાવી છે. અને આ જાહેરાતની કારણે નોનબેંકિંગ ફિનાન્સ કંપનીઓને થોડીઘણી રાહત મળશે પરંતુ મહત્ત્વનું પગલું છે કે હવે નોનબેંકિંગ ફિનાન્સ કંપનીઓ અને હાઉસિંગ ફિનાન્સ કંપનીઓનું રેગ્યુલેશન અને તેમની ઉપરની દેખરેખનું કામ રિઝર્વ બેંકને સોંપી દેવાયું છે. અત્યાર સુધી હાઉસિંગ ફિનાન્સ કંપનીઓને ધિરાણ આપવાનું કામ નેશનલ હાઉસીંગ બેંક કરતી હતી અને સાથે સાથે તેમનું મોનેટરીંગ પણ એનએચબી દ્વારા થતું હતું અને આ બે કામ એનએચબી એકસાથે કરી શકે તે શક્ય ન હતું. અને તેને કારણે અસંખ્ય ચૂક રહી ગઈ. તે ભૂલ દૂર કરવા માટે હવે હાઉસીંગ ફિનાન્સ કંપનીઓનું મોનીટરીંગ પણ નાણાપ્રધાને રિઝર્વ બેંકને સોંપ્યું છે. અને તે રીતે આ સેક્ટર આવતા એક કે બે વર્ષમાં ચોખ્ખું થાય તેવી અપેક્ષા છે.

બજેટની આ ચર્ચામાં સૌ પ્રથમ દર્શાવ્યું કે રોકાણ એટલે કે ઈન્વેસ્ટમેન્ટના માધ્યમથી અર્થતંત્રને બેઠું કરવાનું લક્ષ્યાંક છે. અને નાણામંત્રી દ્વારા આવતા પાંચ વર્ષમાં રૂા. એક લાખ કરોડનું રોકાણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં કરવાની જાહેરાત કરાઈ છે અને તે માટે એક્સપર્ટ કમિટીની નીમણૂંક કરાશે. અને આ કમિટી દ્વારા અર્થતંત્ર કેવી રીતે ઝડપથી ઊંચું આવી શકે તે માટેના સૂચનો કરશે અને તે પછી ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણો કરશે.

બજેટ પ્રવચનની શરૂઆતમાં નાણામંત્રી દ્વારા 'હર ઘર જલ' નામનું સ્લોગન પણ દર્શાવાયું છે અને તે લક્ષ્યાંક સાથે દરેક ઘરમાં પીવાનું પાણી ઉપલબ્ધ કરવાની સાથે સાથે નદીઓને જોડવાની એક દરખાસ્ત છે પરંતુ તે અંગે વધારે કોઈ સ્પષ્ટતા નથી કરાઈ. તેમ છતાં રૂા. એક લાખ કરોડનું જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણ અપેક્ષિત છે તેમાંનો મોટો હિસ્સો નદીઓને જોડવાના ભગીરથ કાર્યમાં વપરાય તે સંભાવના ખૂબ મજબૂત છે.

અન્ય એક મહત્ત્વની જાહેરાત કિફાયતી હાઉસીંગ સેક્ટર માટે કરાઈ. અને કિફાયતી હાઉસીંગ માટે જે વ્યાજ ચૂકવવામાં આવે તેમાં બીજા રૂા. ૧.૫૦ લાખ ઉપર આવકવેરાની કપાત મળી શકશે અને તે રીતે કુલ ૩.૫૦ લાખના વ્યાજ ઉપર કરદાતાને આવકવેરામાં કપાત મળશે. અને આ જોગવાઈને કારણે કરદાતાને લાંબાગાળાની લોન ઉપર કુલ સાત લાખનો ફાયદો થશે તેવી ગણતરી છે. કિફાયતી હાઉસીંગમાં જે કન્સ્ટ્રક્શન કંપનીઓ છે તેમને તો આવકવેરાના લાભ મળે જ છે અને તે લાભને ચાલુ રાખવામાં આવ્યા છે.

- **ઇન્ડેક્ષ**, ઈન્વેસ્ટમેન્ટના માધ્યમથી અર્થતંત્રને મજબૂત કરવાની બજેટની સ્ટ્રેટેજી અને તે પાછળ આગામી સમયગાળામાં સેન્સેક્ષ અને નિફ્ટીમાં બ્રોડબેઝ તેજીની ગણતરી. સારા શેરો ઉપર ફોકસ વધારાય.
- **બજાજ ફિનાન્સ**, એનપીએનું પ્રમાણ ખૂબ નાનું અને કન્ઝમ્બશન સેક્ટરની તેજીની પાછળ આ શેરમાં જોવાતું આકર્ષણ. અત્યારના રૂા. ૩૭૩૨ના ભાવે શેર જાળવી રખાય. આગામી દિવસમાં રૂા. ૩૮૩૮ થાય.
- **આઈસીઆઈસીઆઈ બેંક**, બેંકિંગ સેક્ટરને પણ બજેટને કારણે આડકતરો અને જોરદાર ફાયદો મળવાનો અને તેમાં નીચા વેલ્યૂએશન ઉપર મળી રહેલી આઈસીઆઈસીઆઈ બેંકને મોટી રાહત. રૂા. ૪૩૬ના ભાવે ભેગા કરતા જવાય અને આવતા થોડા અઠવાડિયામાં રૂા. ૪૬૬ના ભાવની ગણતરી.
- **ટાઇટન**, એક ફંડ મેનેજરે આ શેરનું રેટીંગ ઘટાડ્યું અને તે પાછળ ગુરુવારે શેરના ભાવમાં રૂા. ૪૦નો ઘટાડો, રૂા. ૧૨૯૦ આસપાસના ભાવે ટાઈટન ભેગા કરતા જજો. શુદ્ધ સોનાના દાગીના માટે આ કંપની વપરાશકારોમાં ફેવરિટ અને આગામી અર્થતંત્રની ચાલ વપરાશ આધારિત જ રહેવાની. ટાઈટનને સુંદર ફાયદો મળશે. હજી પણ તેના જ્વેલરી માર્કેટમાં તોતીંગ વૃદ્ધિની જગ્યા. રૂા. ૧૨૯૦ના ભાવે આંખ મીંચીને જાળવી રાખો. ધીમા સુધારા સાથે રૂા. ૧૩૯૦ ટચ થવાની ગણતરી.
- **એચડીએફસી**, હાઉસિંગ ફિનાન્સ સેકટરને પણ બજેટમાં આડકતરો ફાયદો અને તેમાં સૌથી મજબૂત કંપની તરીકે એચડીએફસી લાભ ખાટી જશે. રૂા. ૨૨૮૦ના ભાવે ધ્યાનમાં રાખજો. અને આગામી દિવસોમાં આ શેરમાં રૂા. ૧૩૮૦ ટચ થવાની સંભાવના મજબૂત.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, છેલ્લા બે વખતની જેમ આ વખતે પણ કેન્દ્ર સરકારનું બજેટ નહીં પરંતુ લાર્સનનું બજેટ છે તેમ જ કહેવું એકદમ યોગ્ય. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના રોકાણોનો અને રેલવે પ્રોજેક્ટોનો મોટો ફાયદો લાર્સનને મળી જશે. વેલ્યૂએશન એકદમ કિફાયતી, રૂા. ૧૫૭૧ના ભાવે એક સાથે શેરો લો અથવા તો એસઆઈપીની રીતે દર મહિને પાંચપાંચ શેરો લો, બંને રીતે તમે ફાયદામાં રહેવાના. લાર્સનનું બીજું નામ લક્ષ્મીતિલક પણ રાખી શકાય.
- **તાતા સ્ટીલ**, આંતરરાષ્ટ્રીય બજારમાં સ્ટીલ ઉદ્યોગમાં નબળાઈ પરંતુ ભારતમાં સ્ટીલનો વપરાશ વધારવા કેન્દ્ર સરકારનું લક્ષ્યાંક, આટલા બધા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો કરવાના છે તો તાતા સ્ટીલને મોટો ફાયદો થશે. બોટમઆઉટ થયા પછી આ શેરમાં આકર્ષણ, રૂા. ૪૯૫ના ભાવે ખોટો નથી.
- **અલ્ટ્રાટેક સિમેન્ટ**, સિમેન્ટની માંગ ગયા વર્ષે ભલે ઠંડી હતી પરંતુ વેચાણ કિંમતો વધી અને આ વખતે વેચાણ કિંમતો થોડી વધશે પરંતુ માંગ તોતીંગ દરે વધવાની, રૂા. ૪૬૪૫ના ભાવે આકર્ષક, ભલે વેલ્યૂએશન મોંઘુ હોય પરંતુ આ ભાવે પણ ૧૨ મહિને પૈસા મળવાની સુંદર જગ્યા. થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **જેએસડબલ્યુ સ્ટીલ**, પ્રાઈવેટ સ્ટીલ સેક્ટરની બીજા નંબરની સૌથી મોટી કંપની અને કિફાયતી ઉત્પાદન, છેક રૂા. ૨૭૫ના બોટમ નજીકના ભાવે મળી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય મંદીને ભૂલજો અને ભારતમાં સ્ટીલની માંગ ઉપર હવે ફોકસ કરો, શેર મફત છે. ૧૨ મહિને સુંદર રિટર્નની આ બજેટ પછી જગ્યા.
- **અદાણી પોર્ટ**, મોસાળમાં મા પીરસનારી એ કહેવતને યાદ કરતા રહેવાય. એકસામટી ત્રણ એરપોર્ટનો કોન્ટ્રાક્ટ ગયા અઠવાડિયે જ મળ્યો હતો. બંદરના પણ એવા કેટલાય કોન્ટ્રાક્ટો ઊભા જ છે. રૂા. ૪૧૪ના ભાવે શેર આકર્ષક, વેલ્યૂએશન ભલે થોડું મોંઘુ હોય, ધીમા સુધારા સાથે રૂા. ૪૫૪ થવાની ગણતરી.
- **બ્રિટાનિયા**, ગ્રામ્ય ભારતમાં પૈસા આવવાના અને હવે લોકોને રોટલી ક્યાં ખાવી છે. કન્ઝમ્બશન થિયરી પાછળ બિસ્કિટ, બ્રેડ અને કેકનો વપરાશ વધવાનો. બ્રિટાનિયાને ફાયદો, રૂા. ૨૮૪૧ના ભાવે ધ્યાનમાં રખાય.


## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23,
Email : cs@dynaind.com Website : www.dynaind.com

૩૦ મી વાર્ષિક સામાન્ય સભા અને શેર ટ્રાન્સફર બુક બંધ થવાની તારીખની સૂચના

આથી સૂચના આપવામાં આવે છે કે કંપની ની ૩૦ મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૩૧ જુલાઇ ૨૦૧૯ સમય સવારે ૧૧:૩૦ કલાકે યોજવામાં આવેલ છે, સ્થળ રજિસ્ટર્ડ ઓફિસ,પ્લોટ નંબર ૫૫૦૧/૨ ફેઝ ૩, ત્રિકમપુરા ચાર રસ્તા,જી.આઇ.ડી.સી. વટવા,અમદાવાદ-૩૮૨૪૪૫,ગુજરાત, સભાની સૂચના સાથે વ્યવસાયો,૩૧ માર્ચ ૨૦૧૯ એ પૂરા થતા વર્ષ ની ઓડીટેડ નાણાકીય પત્રક ,ઓડિટર્સ રિપોર્ટ અને ડિરેક્ટર્સ રિપોર્ટ મોકલવામાં આવેલ છે અને જે સભ્યો ના ઈ મેલ આઇ ડી નોંધાવેલ છે એ સભ્યો ને ઈ મેલ દ્વારા મોકલવા માં આવેલ છે.
સભ્યોને આથી જણાવવાનું કે નોટીસ અને બધા ડૉક્યુમેંટ કંપની ની વેબસાઈટ www.dynaind.com પર ઉપલબ્ધ છે.બધા ડૉક્યુમેંન્ટ ની નકલ સભ્યો ના નિરીક્ષણ માટે ધંધાકીય કલાકો દરમ્યાન વાર્ષિક સામાન્ય સભા સુધી કંપનીના રજિસ્ટર્ડ ઓફિસ પર ઉપલબ્ધ રહેશે.
સભ્ય પ્રૉક્સી નિમણૂક કરી શકે છે,પ્રૉક્સી નિમણૂક માન્ય ત્યારેજ થશે જો એ પ્રૉક્સી નિમણૂક નું ફોર્મ ૪૮ કલાક પહેલા કંપની ની રજિસ્ટર્ડ ઓફીસ પર જમા કરવામાં આવશે.
આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીઝ એક્ઝ,૨૦૧૩ ની કલમ ૯૧ અને સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૨ મુજબ,ડિવિડન્ડ ચુકવણી માટે,જાહેર કરાય તો, શુકવાર, ૨૭ જુલાઈ,૨૦૧૯ થી બુધવાર,૩૧ જુલાઇ,૨૦૧૯ ના રોજ મેમ્બર રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બંધ રહેશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હુકમ દ્વારા

દીપકકુમાર એન ચોક્સી
ચેરમેન
DIN:00536345

સ્થળ: અમદાવાદ
તારીખ: ૫ જુલાઇ,૨૦૧૯

સૂચના - ઈ_વોટિંગ

આથી સૂચના આપવામાં આવે છે કે કંપની ની ૩૦મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૩૧ જુલાઇ,૨૦૧૯ સમય સવારે ૧૧:૩૦ કલાકે યોજવામાં આવેલ છે.કંપનીઝ એક્ટ,૨૦૧૩,કલમ ૧૦૮, અને સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૪ મુજબ,કંપની તેના બધા સભ્યો ને ઈ_વોટિંગ દ્વારા મત આપવાની સુવિધા આપે છે, જે ઠરાવ વાર્ષિક સામાન્ય સભા માં પસાર કરવાના છે.વાર્ષિક સામાન્ય સભા તેની રજિસ્ટર્ડ ઓફિસ,પ્લોટ નંબર ૫૫૦૧/૨ ફેઝ ૩,ત્રિકમપુરા ચાર રસ્તા,જી.આઇ.ડી.સી. વટવા,અમદાવાદ-૩૮૨૪૪૫,ગુજરાત માં યોજવામાં આવેલ છે.સભ્યો તેમનો મત ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા કરી શકે છે. સભ્યો સ્થળ કરતાં અન્ય જગ્યાએ થી પણ મત આપી શકે છે (રિમોટ ઈ-વોટિંગ) દ્વારા કંપનીએ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે એજન્સી તરીકે સેન્ટ્રલ ડિપૉજિટરી સર્વિસ (ઇન્ડિયા)લિમિટેડ ની સેવાઓ લીધેલ છે.
કંપની એ બધા સભ્યોને આ સુવિધા ની માહિતી અને યૂજર_આઇ ડી અને પાસવર્ડ નોટીસ માં દર્શાવેલ છે,નોટીસ અને બધા ડૉક્યુમેંટ કંપની ની વેબસાઇટ www.dynaind.com અને સેન્ટ્રલ ડિપૉજિટરી સર્વિસ (ઇન્ડિયા)લિમિટેડ ની વેબસાઈટ www.evotingindia.com પર મુકવામાં આવેલ છે.
રિમોટ ઈ-વોટિંગ ૨૮ જુલાઈ,૨૦૧૯,સવારે ૯:૦૦ થી ૩૦ જુલાઇ,૨૦૧૯,સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવશે,આ સમય બાદ આ સુવિધા બંધ કરી દેવામાં આવશે.જે વ્યક્તિ નું નામ કટ_ઓફ તારીખ એટલે કે,૨૫ જુલાઇ,૨૦૧૯ પર સભ્યો /લાભદાયી માલિકો ના રજિસ્ટર માં હશે તે વ્યક્તિ રિમોટ ઈ-વોટિંગ સુવિધા મેળવવા હકદાર રહેશે. જે વ્યક્તિ નોટીસ મોકલ્યા બાદ સભ્યો બનશે અને જે વ્યક્તિ પાસે કટ_ઓફ તારીખ એટલે કે,૨૫ જુલાઇ,૨૦૧૯ ના શેર હશે તે વ્યક્તિ પણ આ સુવિધા માટે હકદાર રેહશે. આ વ્યક્તિઓ તેમના યૂજર_આઇ ડી અને પાસવર્ડ માટે ahmedabad@linkintime.co.in અરજી મોકલીને મેળવી શકે છે. યૂજર_આઇ જી અને પાસવર્ડ મેળવવા માટે વિગતવાર પ્રક્રિયા નોટીસ માં પણ આપેલ છે.નોટીસ અને બધા ડૉક્યુમેંટ કંપની ની વેબસાઇટ www.dynaind.com અને સેન્ટ્રલ ડિપોઝિટરીઝ (ઇન્ડિયા)લિમિટેડ ની વેબસાઇડ www.evotingindia.com પર મુકવામાં આવેલ છે. જે સભ્ય પહેલેથી ઈ-વોટિંગ માટે સી.ડી.એસ.એલ. સાથે રજીસ્ટર થયેલ છે તે સભ્ય તેમના વર્તમાન યૂજર_આઇ ડી અને પાસવર્ડ દ્વારા રિમોટ ઈ-વોટિંગ કરી શકે છે.
જે સભ્યો એ ઈ-વોટિંગ દ્વારા મત ના આપ્યો હોય તે સભ્યો વાર્ષિક સામાન્ય સભામાં મતપત્ર દ્વારા મત આપી શકે છે.સભ્યોએ બંને માધ્યમ દ્વારા મતદાન કર્યું હોય તો ઈ-વોટિંગ દ્વારા કરવામાં આવેલા મતદાન માન્ય ગણવામાં આવશે અને મતદાન કાગળ દ્વારા મતદાન કરવામાં આવશે તે અમાન્ય તરીકે ગણવામાં આવશે.
રિમોટ ઈ-વોટિંગ ને લગતી સૂચના સામાન્ય સભા ની નોટીસ માં આપેલ છે. ઈ-વોટિંગ ને લગતા પ્રશ્નો માટે સીડીઍસએલ ની વેબસાઇટ www.evotingindia.com ના ફીક્વેંટલી આસ્કડ ક્વેસ્ચન્સ (FAQs) જોવા અથવા ફોન નંબર ૧૮૦૦-૨૨-૫૫૩૩ પર વિનામૂલ્ય ફોન કરવો. ઈ-વોટિંગ ને લગતી ફરિયાદ માટે કૃપયા helpdesk.evoting@cdsl.com અથવા સીડીઍલઍલ,મેરથોન ફ્યુચર,એ-વિંગ, ૨૫ મી માળ,એનએમ જોશી માર્ગ,લોઅર પરેલ ઈસ્ટ, મુંબઇ-૪૦૦૦૦૧,અથવા ફોન નંબર ૦૨૨-૨૩૦૨૩૩૩૩ પર સંપર્ક કરવો.
બધા સભ્યો જેને ઈ-વોટિંગ કરેલ હશે તે સભ્ય સભા માં આવી શકે છે,પણ એ સભ્ય સભામાં માં મતપત્ર દ્વારા મત નહીં આપી શકે.સભ્યોને સભામાં ભાગ લેવા માટે અટેન્ડેન્સ સ્લીપ સાથે ઓળખનો પુરાવો નોંધણી કાઉન્ટર પર જમા કરાવવા વિનંતી કરવામાં આવે છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હુકમ દ્વારા

દીપકકુમાર એન ચોક્સી
ચેરમેન
DIN:00536345

સ્થળ: અમદાવાદ
તારીખ: ૫ જુલાઇ,૨૦૧૯